**ક્રિમીનલ કેસ નં.૪૦/૨૦૨૪**

## –:: આંક–૦૧ લગત હુકમ ::–

**(1)** આજરોજ કામ રજુ, આરોપીનો વારંવાર પોકાર કરવા છતાં આરોપી કુંદનભાઈ વિરમભાઈ પટેલ, ઠે. ડી–૩, શ્રીજી રેસીડેન્સી, ચાંદલોડીયા, અમદાવાદ નાંઓ કે તેઓનાં વિ.વ.શ્રી હાજર નથી. વધુમાં રેકર્ડ વંચાણે લેતાં આરોપી વિરૂધ્ધ ઔદ્યોગીક વિવાદ અધિનિયમ,૧૯૪૭ ની કલમ–૧૮(૩) અન્વયે જુદાં–જુદાં નિયમોનાં ભંગ અન્વયેનાં ભંગ બદલ અત્રેની કોર્ટમાં ફરીયાદ કરવામાં આવેલ છે. આ કોર્ટ દવારા આરોપીને હાજર રખાવવા ફરીયાદપક્ષને અવાર નવાર સમન્સ તથા પ્રોસેસોથી જાણ કરેલ હોવાનું જણાઈ આવે છે. તેમ છતાં ફરીયાદપક્ષ હાજર પોતે હાજર રહેલ નથી કે આરોપીને હાજર રખાવવા કોઈ કાર્યવાહી કરેલ નથી.

**(2)** વધુમાં રેકર્ડ વંચાણે લેતાં આરોપી ઉપર કરવામાં આવેલ વારંવારનાં સમન્સ અવાર નવાર વગર બજયે પરત આવેલ છે. વધુમા આરોપી સ્થાનિક સરનામે મળી આવતા નથી. આરોપી સામે આક્ષેપિત ગુનો વંચાણે લેતાં ગુનો સમન્સ ટ્રાયેબલ છે. વધુમાં ગુનાનો પ્રકાર અને પ્રમાણ ધ્યાને લેવામાં આવેલ છે. તેમજ આ કામ આશરે **૦૨(બે)** વર્ષ જુનું છે. હાલનો કેસ આરોપી વિરૂધ્ધ ચાલુ રાખવામાં આવે તો આરોપી વિરૂધ્ધ વારંવાર બીન જામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવા પડે અને ફાઈલ નિયમિત રીતે બોર્ડ ઉપર ફરતી રાખવામાં આવે તે સંજોગોમાં આવા પ્રકારની નોન ઈફિકટીવ ફાઈલો ફરતી રાખવામાં કોર્ટનાં કિંમતી સમયનો બગાડ થઈ રહેલ છે. તે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડ,૧૯૭૩ ની કલમ–૨૫૬ વંચાણે લેતાં તેમાં નીચે પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી છે :–

➢ **કલમ–૨૫૬ :– ફરીયાદીની ગેરહાજરી અથવા મૃત્યુ.**

*(૧) '' જો સમન્સ ફરીયાદ પરથી કાઢવામાં આવ્યા હોય, તથા આરોપીને ઉપસ્થિત થવા નિયત કરેલાં દિવસે અથવા ત્યારપછીનાં કોઈ દિવસ પર સુનાવણી મુલત્વી*

*રાખવામાં આવી હોય, તે દિવસે ફરીયાદી હાજર ન થાય તો આ પહેલાં અત્રે ગમે તે જોગવાઈ હોય, તેમ છતાં મેજીસ્ટ્રેટ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકશે, સિવાય કે, કોઈ કારણસર કેસની સુનાવણી કોઈ અન્ય દિવસે મુલત્વી રાખવાનું તેને યોગ્ય જણાય. ''*

*પરંતુ કોઈ ધારાશાસ્ત્રી અથવા ફોજદારી કાર્યવાહી ચલાવનાર કોઈ અધિકારી ફરીયાદીનું પ્રતિનીધીત્વ કરતાં હોય અથવા મેજીસ્ટ્રેટનો એવો અભિપ્રાય થાય કે, ફરીયાદીની અંગત હાજરી આવશ્યક નથી. તો મેજીસ્ટ્રેટ તેની હાજરી વગર ચલાવી લેશે. તથા કાર્યવાહી ચલાવી શકશે.''*

**(3)** ઉપરોકત જોગવાઈને ધ્યાને લેતાં તથા હાલનાં કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ મૂળ ફોજદારી કેસ આશરે **૦૨(બે)** વર્ષ જુનો કેસ છે. ફરીયાદમાં દર્શાવેલ સરનામે આરોપી મળી આવતો નથી. વધુમાં ફરીયાદપક્ષ તર્ફે આરોપીનું નવું સરનામું રજૂ થયેલ નથી કે આગળની કાર્યવાહી સારું હાજર થયેલ નથી. તે સં જોગોમાં હાલનો કેસ ચાલુ રાખવામાં આવે તો કોર્ટનાં કિંમતી સમયનાં બગાડ સમાન ગણાય. સબબ, કામ આગળ ચલાવવું ઈષ્ટ જણાતું નથી, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

(૧) આથી અરજદારની હાલની અરજી ક્રિમીનલ પ્રોસીઝર કોડ,૧૯૭૩ ની કલમ-૨૫૬(૧) ની જોગવાઈ મુજબ રદ્દ કરવામાં આવે છે અને આરોપીને સદરહું કેસમાંથી બિનતહોમત (Discharge) છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં ભવિષ્યમાં આ કામનાં ફરીયાદી તર્ફે આરોપી રજુ કર્યેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડ,૧૯૭૩ ની કલમ-૩૦૦(૫) ની જોગવાઈને ધ્યાને લઈ, આરોપી વિરૂધ્ધ હાલનાં ગુના લગત આગળની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧મી માહે જુલાઈ સને ૨૦૨૬ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– કલોલ.
તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬

**(મનોજભાઈ શાંતિલાલ સોલંકી)**
**જજ, લેબર કોર્ટ (એસ.ડી.), કલોલ.**
**જી.ગાંધીનગર.**
***JUDGE CODE : GJ1300***

સ્ટેનો– વી.વી.ચાવડા.